# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day :TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુવાહાટીમાં કહ્યું કે છેલ્લા છ વર્ષમાં આસામનું અર્થતંત્ર બમણુ થયું
2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ભોપાલમાં કહ્યું કે આઠમી ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટે સફળતાના અનેક શિખરો સર કર્યા
3) દિલ્હી વિધાનસભામાં રજુ થયેલા કેગ રિપોર્ટના મુદ્દે ભાજપ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો વચ્ચે આરોપ અને પ્રત્યારોપનો દોર
4) CBIએ ગેઇનબિટકોઇન ક્રિપ્ટો કરન્સી કૌભાંડના સંદર્ભમાં દેશભરમાં 60થી વધુ સ્થળોએ વ્યાપક દરોડા પાડ્યા
5) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM ASSAM

આજે ગુવાહાટીમાં એડવાન્ટેજ આસામ 2.0 ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આસામ હવે અમર્યાદિત શક્યતાઓનું કેન્દ્ર અને દક્ષિણ પૂર્વ એશિયા અને ભારત માટે પ્રવેશદ્વાર છે. પ્રધાનમંત્રીએ માહિતી આપી કે તેમની સરકાર આ ક્ષેત્રમાં કનેક્ટિવિટી, માળખાગત સુવિધાઓમાં સુધારો કરવા અને સ્થાનિક સપ્લાય ચેઇનને મજબૂત બનાવવા પર કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે ભારત ઓછી કિંમતની ઉત્પાદન પ્રક્રિયા માટે મિશન મોડ પર કામ કરી રહ્યું છે.પ્રધાનમંત્રીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારે અનેક શાંતિ કરારો પર હસ્તાક્ષર કર્યા હોવાથી છેલ્લા કેટલાક વર્ષોમાં આસામની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં સુધારો થયો છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે હવે આસામની અર્થતંત્ર બમણુ થઇને છ લાખ કરોડને પાર થઇ ગઇ છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી,પ્રધાનમંત્રી)**

# REV. ASHWINI VAISHNAW-SUMMIT

આ સાથે જ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, આસામ ભારતનું વિકાસ એન્જિન બનશે કારણ કે સરકાર આ વિસ્તારના વિકાસ માટે કામ કરી રહી છે. "વિકસિત ભારત માટે આસામમાં સેમિકન્ડક્ટર હોરાઇઝન્સને આગળ ધપાવવું" આ વિષય પર સત્રને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે , જાગીરોડમાં સેમિકન્ડક્ટર પ્લાન્ટ આસામને સેમિકન્ડક્ટર હબમાં પરિવર્તિત કરશે.

તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે ગુવાહાટીમાં રેલ્વે સ્ટેશનની જમીન પર એક અત્યાધુનિક આઇટી હબ વિકસાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ માહિતી આપી કે કેન્દ્રએ બે નવી અમૃત ભારત ટ્રેન, બીટીઆર વિસ્તારમાં એક ટ્રેન કોચ ઉત્પાદન એકમ અને લુમડિંગ ખાતે એક ટ્રેન એન્જિન પુનર્નિર્માણ એકમને મંજૂરી આપી છે.

# EVE MP GIS - AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વારસાના સંરક્ષણ સાથે વિકાસના મંત્રને અમલમાં મૂકીને રાજ્યને પ્રગતિના માર્ગે લઈ જઈ રહી છે. શ્રી શાહ આજે ભોપાલમાં આયોજિત આઠમા ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટના સમાપન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. આ સમિટ દરમિયાન, લગભગ 30 લાખ 77 હજાર કરોડ રૂપિયાના રોકાણ દરખાસ્તો પ્રાપ્ત થયા છે, અને એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. શ્રી શાહે કહ્યું કે આ સમિટ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મદદ કરશે. દેશના વિકાસમાં તમામ રાજ્યોનો સહયોગ સૌથી મહત્વપૂર્ણ છે. કેન્દ્ર સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા શ્રી શાહે કહ્યું કે NDA સરકારના શાસનમાં, દેશે છેલ્લા દસ વર્ષમાં વિકાસનો એક નવો અધ્યાય લખ્યો છે.

(બાઇટ- અમિત શાહ , કેન્દ્રીય મંત્રી)

# CAG REPORT-BJP AAP

ભાજપે આજે અગાઉની આપ સરકાર પર CAG રિપોર્ટ રજૂ કરવામાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, પાર્ટીના વરિષ્ઠ નેતા બૈજયંત જય પાંડાએ જણાવ્યું હતું કે ભાજપ શહેરમાંથી ભ્રષ્ટાચારને જડમૂળથી ઉખેડી નાખવા માટે પ્રતિબદ્ધ છે અને વિધાનસભામાં CAG રિપોર્ટ રજૂ કરીને દિલ્હીના લોકો પ્રત્યેની બંધારણીય ફરજ અને પ્રતિબદ્ધતા નિભાવી છે. તેમણે કહ્યું કે આમ આદમી પાર્ટી દિલ્હીના લોકોથી પોતાનો ભ્રષ્ટાચાર છુપાવી શકતી નથી. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે શહેરના લોકો CAG રિપોર્ટની રાહ જોઈ રહ્યા હતા જેથી તેઓ જાણી શકે કે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સહિત આપના નેતાઓએ એક્સાઇઝ પોલિસીમાં કેવી રીતે ભ્રષ્ટાચાર કર્યો.

દરમિયાન, ભૂતપૂર્વ મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે, આ રિપોર્ટમાં સ્પષ્ટ છે કે દારૂના વેચાણમાં ભ્રષ્ટાચાર થયો હતો. તેમણે ઉમેર્યું કે CAG રિપોર્ટ દર્શાવે છે કે 28 ટકાથી વધુ ભ્રષ્ટાચાર કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવી રહ્યો છે, અને દરેકને ખબર છે કે દારૂના કોન્ટ્રાક્ટ કયા પક્ષના લોકો પાસે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CBI-GAINBITCOIN SCAM

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન, CBIએ ગેઇનબિટકોઇન ક્રિપ્ટો કરન્સી કૌભાંડના સંદર્ભમાં દેશભરમાં 60 થી વધુ સ્થળોએ વ્યાપક દરોડા પાડ્યા છે. મુખ્ય આરોપીઓ સાથે જોડાયેલા સ્થળોને લક્ષ્ય બનાવીને, દિલ્હી NCR, પુણે, ચંદીગઢ, નાંદેડ, કોલ્હાપુર અને બેંગલુરુ સહિતના મુખ્ય શહેરોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યા છે. ગેઇનબિટકોઇન એ એક કથિત પોન્ઝી સ્કીમ હતી જે 2015 માં અમિત ભારદ્વાજ, અજય ભારદ્વાજ અને તેમના એજન્ટોના નેટવર્ક દ્વારા શરૂ કરવામાં આવી હતી. વેબસાઇટ્સ દ્વારા સંચાલિત આ છેતરપિંડી સ્કીમે રોકાણકારોને 18 મહિના માટે બિટકોઇનમાં માસિક 10 ટકા આકર્ષક વળતરનું વચન આપીને લલચાવ્યા હતા. મોટા પાયે છેતરપિંડી અને મની લોન્ડરિંગનો આરોપ લગાવતા દેશભરમાં અનેક FIR નોંધાઇ હતી.

# PUNJAB-RAIDS

પંજાબમાં, ગેરકાયદેસર ટ્રાવેલ એજન્ટો સામે દિવસભર રાજ્ય સ્તરીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. 1,274 ઇમિગ્રેશન કંપનીઓ સામે દરોડા પાડવામાં આવ્યા હતા. ડિફોલ્ટરો શોધી કાઢનારા સાત ટ્રાવેલ એજન્ટોની ધરપકડ કરવામાં આવી છે. આ કામગીરીનું નિરીક્ષણ કરનારા સ્પેશિયલ ડીજીપી કાયદો અને વ્યવસ્થા, અર્પિત શુક્લાએ ખુલાસો કર્યો હતો કે ગેરકાયદેસર ટ્રાવેલ એજન્ટો સામે 24 ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ પણ નોંધવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તમામ જિલ્લાના પોલીસ વડાઓને તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં તમામ ઇમિગ્રેશન અને ટ્રાવેલ એજન્ટ કંપનીઓ પર શોધખોળ કરવા માટે ખાસ પોલીસ ટીમો બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કાયદાનું ઉલ્લંઘન કરતા અને વિદેશી દેશોમાં ગેરકાયદેસર પ્રવેશને સરળ બનાવવાના ખોટા વચનો આપીને નિર્દોષ લોકોને છેતરતા એજન્ટો સામે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# SAJJAN KUMAR-LIFE IMPRISONMENT

દિલ્હીની એક કોર્ટે આજે કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સજ્જન કુમારને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણો સાથે જોડાયેલા હત્યા કેસમાં આજીવન કેદની સજા ફટકારી છે. ખાસ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ પહેલી નવેમ્બર, ૧૯૮૪ના રોજ જસવંત સિંહ અને તેમના પુત્ર તરુણદીપ સિંહની હત્યા માટે ચુકાદો સંભળાવ્યો હતો. ફરિયાદ પક્ષ અને પીડિત પરિવારે મહત્તમ સજાની માંગણી કરી હતી. કુમાર પહેલાથી જ રમખાણો સંબંધિત અન્ય એક હત્યા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યા હતા, અને તેમની અપીલ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. તેમની નિર્દોષ છુટકારો અને દોષિત ઠેરવવા સંબંધિત અન્ય અપીલો પણ ઉચ્ચ અદાલતોમાં સમીક્ષા હેઠળ છે.

# CHATTISGARH MOAIST

છત્તીસગઢમાં, બસ્તર વિભાગના બીજાપુર જિલ્લામાં આજે નવ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આત્મસમર્પણ કરનારા ચાર માઓવાદીઓ માટે 23 લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માઓવાદીઓએ CRPF અને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. માઓવાદીઓ પર ઘણી નક્સલી ઘટનાઓમાં સામેલ હોવાનો આરોપ છે. શરણાગતિ સ્વીકાર્યા પછી, આ દરેક માઓવાદીઓને રાજ્ય સરકારની શરણાગતિ અને પુનર્વસન નીતિ હેઠળ પ્રોત્સાહન તરીકે 25 હજાર રૂપિયાની રકમ આપવામાં આવી હતી.

# PRESIDENT GUJ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી ગુજરાતનાં ચાર દિવસના પ્રવાસે છે. શ્રી મૂર્મુ આવતીકાલે કેવડિયામાં એકતા કૌશલ વિકાસ કેન્દ્રની મુલાકાત લેશે. તેમ જ અમદાવાદમાં રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થા- N.I.D.ના 44મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. ત્યારબાદના દિવસે તેઓ ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- N.F.S.U.ના ત્રીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે. એ જ દિવસે તેઓ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારક પણ જશે. પહેલી માર્ચે સુશ્રી મુર્મૂ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની પણ મુલાકાત લેશે.

# J&K: CM -ABDULLAH

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના અર્થતંત્રમાં ધાર્મિક અને સરહદી પર્યટન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અમારા આકાશવાણી જમ્મુના સંવાદદાતા અહેવાલ આપે છે કે, મુખ્યમંત્રીએ પ્રદેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને વ્યૂહાત્મક સ્થાન પર પ્રકાશ પાડ્યો હતો, જે પ્રવાસીઓને આકર્ષવા અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા માટે તક પ્રદાન કરે છે. તેમણે રાજ્યના યુવાનો માટે નોકરીની તકો વધારવા, તેમને વ્યાવસાયિક રીતે સશક્ત બનાવવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો.

# REV. BANGLADESH-LEADER

બાંગ્લાદેશમાં, વિદ્યાર્થી નેતા નાહિદ ઇસ્લામે વચગાળાની સરકારના માહિતી અને પ્રસારણ સલાહકાર તરીકેની તેમની ભૂમિકા પરથી રાજીનામું આપી દીધું છે, તેઓ એક નવા રાજકીય પક્ષમાં જોડાશે તેવી અટકળો ચાલી રહી છે. ઢાકા યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળના મુખ્ય વ્યક્તિ ઇસ્લામે પ્રધાનમંત્રી શેખ હસીનાના રાજીનામાની માંગ સાથેના વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કર્યા બાદ તેમને પ્રસિધ્ધિ મળી હતી. તેમણે રાજીનામું આપવાની જાહેરાત કરતા કહ્યું કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એક નવી રાજકીય શક્તિ જરૂરી છે.

# EPFO-MEMBERS

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન, EPFOએ ગયા વર્ષે ડિસેમ્બર દરમિયાન 16 લાખથી વધુ સભ્યો ઉમેર્યા હતા. આ નવેમ્બર 2024માં ઉમેરાયેલા સભ્યોની તુલનામાં 9.69 ટકાનો વધારો દર્શાવે છે. શ્રમ અને રોજગાર મંત્રાલય અનુસાર, EPFOએ ડિસેમ્બર 2024માં લગભગ 8.47 લાખ નવા સબ્સ્ક્રાઇબર્સ નોંધાવ્યા હતા. મંત્રાલયે જણાવ્યું હતું કે 18 થી 25 વય જૂથમાં ચાર લાખ 85 હજાર નવા સબ્સ્ક્રાઇબર્સ ઉમેરાયા હતા.